SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 36. ઉત્તર ગુજરાતના લોકસાહિત્યની વિરાસતને જાળવનાર સંપાદક - પ્રેમજી પટેલ

*પટેલ આલિષા અશ્વિનકુમાર*

ઉત્તર ગુજરાત એટલે મહેસાણા, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી અને સાબરકાંઠાનો વિસ્તાર.પ્રેમજી પટેલ આ ઉત્તર ગુજરાતના જાણીતા એવા સર્જક અને લોકસાહિત્યના સંશોધક સંપાદક છે. સર્જક તરીકે લઘુકથાના ક્ષેત્રે તેમણે આગવું પ્રદાન કરી પોતાની લઘુકથાકાર તરીકેની આગવી ઓળખ ઊભી કરી છે. જેમાં 'ત્રેપનમી બારી', 'અમૃતવર્ષા', 'સ્પર્શમણિ' વગેરે જેવા તેમના લઘુકથાના પુસ્તકો છે.

તેમનો જન્મ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ખેરોલ ગામે પિતા સોમાભાઈ પટેલ અને માતા મણિબેનના ઘરે તારીખ 12-2-1955 ના રોજ થયો હતો. તેમનો જન્મ અને ઉછેર ગ્રામ્ય પરિવેશમાં થયો છે. ગામડામાં રહીને તેમણે ત્યાંના લોકજીવન અને લોક સંસ્કૃતિના જીવંત ધબકારને ઝીલ્યો છે. તેઓ તલોદની કૉલેજમાં વર્ષો સુધી ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે કાર્યરત રહી નિવૃત થયા છે.

પ્રેમજી પટેલે તલોદની આજુબાજુના ગામડાઓના ગ્રામીણ સમાજની લોકવાર્તા તેમની માન્યતાઓ રબારી, વાઘરી, ઠાકોર, જેવા સમાજમાં થતી જાતરો તેમાં ગવાતી રોડી વગેરે ગ્રંથસ્થ કરીને લોકસાહિત્યના પુસ્તકો 1)'ચૌદ લોક, 2)'લોકજણસ', 3)'અમીલોક, 4)'દિવાસાનું પરબ અને તેના ગીતો' અને 5)'લોકમણિ' જેવા પુસ્તકો સંપાદિત કર્યા છે.

'ચૌદ લોક' (1998) એ પ્રેમજી પટેલ નું લોકસાહિત્ય વિષયક પ્રથમ સંપાદન છે. આ પુસ્તકમાં ટોડ, રેળી, પખાજિયા, ભરેલો, શલોકા અને લોકવાર્તા જેવા છ સ્વરૂપની વાત કરી છે. જેમાં 'ટોડ'નું વર્ણન કર્યું છે. તે 'ટોડ'એ રાવળ જ્ઞાતિના ભાઈઓ દ્વારા નવરાત્રિના સમયે રજૂ થતું એક પ્રકારનું લોકનાટ્ય છે. આ 'ટોડ' રાવળ જ્ઞાતિના ભાઈઓ ખાસ કરીને નવરાત્રિમાં રમે છે. આ 'ટોડ' રમવા માટે રાવળો માતાના મંદિરમાં કે ચોકમાં કે ગામ-પરગામ જાય છે. જેમાં 'ગણેશ પરમેશ્વર', 'કુંભાર', 'વાઘરીયા વંશની મેલડી', 'ઘેલીયો વાઘરી', 'વીરચન-હીરચનની મા', 'ભાથીજી મહારાજ ગામ ટોડાનો દેવતા' વિશેના 'ટોડ' છે. આ વેશોને ભજવતી વખતે ખાસ કરીને વાજિંત્રોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. 'ટોડ' ને ઘણા લોકો 'માતાજીનો રથ' કે 'ઝો ઘોડો' એવા નામોથી પણ ઓળખે છે. બીજા સ્વરૂપમાં ગોગાની 'રેળી' નો સમાવેશ થાય છે. ત્રીજા સ્વરૂપમાં વહેલી સવારે કૂવાનું પાણી સીંચવા માટે જોડાતા કોસ ઉપર ખેડૂતો દ્વારા ગવાતા ભરેલા છે. ચોથા સ્વરૂપમાં રાવળ જ્ઞાતિમાં લગ્નપ્રસંગે ગવાતા શલોકા છે. ત્યારબાદ ઓગણીસ જેવી નાની મોટી લોકવાર્તાઓનો સમાવેશ કર્યો છે.

'લોકજણસ' (2000) એ પ્રેમજી પટેલ દ્વારા સંપાદિત લોકવાર્તા સંગ્રહ છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત આ પુસ્તકમાં સાબરકાંઠાના તલોદ આજુબાજુના વિસ્તારમાં બોલાતી બોલી, તેના લહેકા, લાઘવ અને ત્યાંની લોક સંસ્કૃતિને ઉજાગર કરે છે.

ઘરેણાને લોક 'જણસ' કહે છે. 'જણસ' એટલે કરોડપતિની પુત્રી કે પુત્રવધુએ પહેરેલો હાર નહીં પરંતુ 'જણસ' એટલે વહાલી વસ્તુ. લોકસાહિત્યની આવી મોંઘી 'જણસ' આપણને પ્રેમજી પટેલ પાસેથી પ્રાપ્ત થાય છે. 'લોકજણસ' પુસ્તકમાં તલોદ આસપાસ વસતા લોકોના જીવનનું પ્રતિબિંબ પ્રગટ થાય છે. 'લોકજણસ'માં અગિયાર જેટલી લોકવાર્તાઓ સમાવેલી છે. જેમાં 'પંચાલોની છોડી' વાર્તામાં પંચાલ છોકરી પુરુષનો વેશ લઇને રાજકુમારી પાસે જાય છે. જે પરણવાની શરત લેખે મુરતિયાને સવાલો પૂછે છે ને જેના જવાબો ખોટા પડે તેને જેલમાં પૂરી દે છે. બીજી 'સ્ત્રીચરિત્ર' વાર્તામાં લાખી ગૂણકા ચતુરાઈ વાપરીને શેઠના છોકરાને સ્ત્રીચરિત્ર બાંધે છે. 'ગુલબંકાવલીનું ફૂલ' વાર્તામાંની સોળ વર્ષની ગુલબંકાવલીનું તેજસ્વી પાત્ર ધ્યાન ખેંચે છે. તો 'પાંચ રૂપિયા' વાર્તામાં ઠાકોર ઝેણસંગનું પાત્ર પણ ધ્યાન ખેંચે તેવું છે. બીજી વાર્તાઓ 'ભાગવતના અંશો', 'હંસ-હંસલીની વાત', 'ચિત્રસેન અને ચંદ્રિકા', 'ગંગા જમના', 'ભલભલી દુનિયા', વગેરે જેવી અગિયાર વાર્તાઓનો આ સંગ્રહ કર્યો છે.

'અમીલોક' (2007) એ પ્રેમજી પટેલ નું 'ચૌદ-લોક' અને 'લોકજણસ' પછીનું ત્રીજું સંપાદિત પુસ્તક છે. આ સંપાદનમાં (42) બેતાલીસ જેટલી લોકવાર્તાઓનો સમાવિષ્ટ થયેલો છે. જેમાં કેટલીક લોકવાર્તા સ્વરૂપની દીર્ઘ વાર્તાઓ છે. તો કેટલીક ટુચકા-ઓઠા સ્વરૂપની છે. જેમાં 'રોમ-રોમ', 'વાણીયા ન હાત ચોર', 'અંધેરી નગરી', 'તીસમારખા', 'બે ડોશી અને ભગવાન' વગેરે જેવી લોકવાર્તા સ્વરૂપ ની વાર્તાઓ છે. તો 'આચરણ બડાદેવ', 'ગુરુને ઘટમાં રાખો', 'વેલીબઈ', 'દરજેણ', 'હથેળીમાં વાળ' વગેરે જેવી વાર્તાઓ ટૂચકા-ઓઠા સ્વરૂપની વાર્તાઓ છે. આવી બંને સ્વરૂપની વાર્તાઓમાં કેટલીક વાર્તાઓમાંથી સારો એવો બોધપાઠ અને શિખામણ મળી રહે છે.

'દિવાસાનું પરબ અને તેના ગીતો' (2013)એ પ્રેમજી પટેલના ત્રણ લોકકથા સંપાદનો બાદ નું ચોથું દિવાસાના ગીતોનું શાસ્ત્રીય સંપાદન છે. આ પુસ્તકમાં એંશી (80) જેટલા દીવાસાનાં ગીતો મળે છે. આ સંગ્રહની પ્રસ્તાવના ડૉ.ભગવાનદાસ પટેલે લખી છે. આ સંપાદનમાં દિવાસાના નામે ઉજવાતા પર્વની પૂરી વિગત અને તેમાં ગવાતા લોકગીતોને સંપાદિત કર્યા છે. જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની આજુબાજુના વિસ્તારને કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યું છે.

પ્રેમજી પટેલે આ સંપાદનગ્રંથની શરૂઆતમાં 'દીવાસાના પર્વ' વિશે પ્રસ્તાવના આપી દિવાસાના પર્વના આરંભ થી અંત સુધીનો ગહન અભ્યાસ લેખ મુક્યો છે. તલોદ તાલુકાના આજુબાજુ ક્ષત્રિય સમાજમાં ઉજવાતા 'દિવાસાના પર્વ'નું મહત્વ, તેના વિધિવિધાનો અને તે સમયે ગવાતા ગીતો વિશે ઊંડાણપૂર્વક શાસ્ત્રીય સંપાદન કર્યું છે. આ આખુંય પર્વ આ વિસ્તારના કૃષિકાર્ય સાથે સંકળાયેલું છે. લોકજીવનના આ અનેરા પર્વને સંપાદકે આ પુસ્તકમાં આલેખ્યું છે. આ પર્વની ઉજવણી એક જ દિવસની છે પરંતુ તેની તૈયારીઓ એક અઠવાડિયા અગાઉથી ચાલે છે. મુખ્યત્વે 'જવારા'ની વાવણીથી શરૂ કરી 'જવારાની જળ પધરામણી' સુધીની ક્રિયા ચાલે છે. જેને ચાર ભાગમાં વહેચી છે.

**1) જવારાની વાવણી**

**2) કુવારી કન્યાઓએ પાડવાના નિયમો અને વિધિયો**

**3) પૂજન અને**

**4) દિવાસો અને જવાળાની પધરામણી**

મૂળ જવારા વાવવાની આખી પ્રક્રિયા અમાસથી અગાઉ વદ છઠ્ઠ કે વદ આઠમ એમ સાતવારિયા કે નવવારિયાના દિવસે રજૂ કરવામાં આવે છે.ઘરે-ઘરે ફરીને ઘઉં, જાવ, તલ, ડાંગર, કઠોળ વગેરે 'સાતસળા'નું અનાજ ભેગું કરવામાં આવે છે. તે અનાજ શલાવડાં (માટીના મોટાં કોડિયા)માં વાવવામાં આવે છે. આ રીતે આ આખા પર્વની ઉજવણી કરવામાં આવે છે.

'લોકમણિ' પુસ્તકએ પ્રેમજી પટેલ નું પાંચમું સંપાદન પુસ્તક છે. જે લોકવાર્તાઓ વિષયક પુસ્તક છે.

પ્રેમજી પટેલના ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય સંશોધન-સંપાદન ક્ષેત્રના પ્રદાનને જોતાં કહી શકાય કે તેઓએ ઉત્તર ગુજરાતના લોકસાહિત્યને જાળવવાના અથાગ પ્રયત્નો કર્યા છે. તેમણે તલોદ અને તેની આજુબાજુના વિસ્તારના લોકસાહિત્યને લોકો પાસેથી મહેનત અને લગનથી મેળવીને એકઠું કર્યું છે. અને તેને શબ્દસ્થ કરી આપણી સમક્ષ મુક્યું છે. તેઓએ તલોદ આસપાસના વિસ્તારને ત્યાંના લોકજીવનને, લોકસંસ્કૃતિને ઉજાગર કરી છે. તેમના આવા કાર્યનું ખૂબ જ મૂલ્ય છે અને આવનારી પેઢી માટે આ અમૂલ્ય વારસો બની રહેશે.

**સંદર્ભ ગ્રંથો**

1) 'ચૌદ લોક' સંપાદન - પ્રેમજી પટેલ, (1998) પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

2) લોકવાડ્મય:સ્વરૂપ અને સંદર્ભ – (2007) ડૉ. રાજેશ મકવાણા

3) 'અમીલોક' સંપાદન - પ્રેમજી પટેલ, (2007) પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

4) 'દિવસાનું પરબ અને તેના ગીતો'સંપાદન - પ્રેમજીપટેલ, (2013) ફ્લેમિંગો પબ્લિકેશન,અમદાવાદ